
ડયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર ઍજ્યુકેશન
અંગ્રેજી વિભાગ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજના
ઉપક્રમે આયોજિત
અને સાહિત્ય દર્શનનો


ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન
અંગ્રેજી વિભાગ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજના
સંયુક્ત ઉપક્રમે આયોજિત

## *અષાઢી અવતાર, કચ્છ સાક્ષાત્કાર*

અહેવાલ

તા: ૧૨/૦૭/૨૦૨૧

સ્થળ: DIET,ભુજ, સમય (બપોરે): ૧૩:૪૫ થી ૦૩:૧૫

તા: ૧૨/૦૭/૨૦૨૧ ના રોજ, આઈ. આઈ. ટી. ઈ.ના સેન્ટર ઓફ એક્સટેન્શન અંતર્ગત સ્થાપિત, ડીપાર્ટમેન્ટ ઓફ લેન્ગવેજિસ એન્ડ  ઇંડિયન કલ્ચર તેમજ ડીપાર્ટમેન્ટ ઓફ ઇંગ્લિશ, કે. એસ. કે. વી. કચ્છ યુનિવર્સિટી, ભુજના સંયુક્ત ઉપક્રમે અષાઢી બીજ નિમિત્તે, કચ્છી નવવર્ષને વધાવી લેતા *અષાઢી અવતાર, કચ્છ સાક્ષાત્કાર* કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાંડૉ. હર્ષદ એ. પટેલ, માન. કુલપતિશ્રી આઈ. આઈ. ટી. ઈ.એ સભા પ્રમુખ સ્થાને હાજર રહી પ્રાસંગિક ઉદબોધન કરતા રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ભલામણોના ભાગ રૂપે, આઈ. આઈ. ટી. ઈ. દ્વારા ભાષા તેમજ સંસ્કૃતિ ઉત્થાનને લગતી કયા પ્રકારની વર્તમાન વ્યવસ્થાઓ કરવામાં આવી છે, તેમજ તેમાં ભારતની વિવિધ ભાષાઓ, બોલીઓ, સાંસ્કૃતિક માળખું વગેરેને લગતી ભવિષ્યલક્ષી અભ્યાસ યોજનાઓની વાત કરી તેમજ ઉપસ્થિત સૌનું અભિવાદન કર્યું. ડૉ. દીપ ત્રિવેદી, અધ્યક્ષ, ડીપાર્ટમેન્ટ ઓફ લેન્ગવેજિસ એન્ડ  ઇંડિયન કલ્ચર દ્વારા કાર્યક્રમ રુપરેખા તેમજ હેતુ પરિચય મુકવામાં આવ્યો. મુખ્ય વકતાશ્રીઓ, શ્રી કીર્તિ ખત્રી, શ્રી હરેશ ધોળકિયા તેમજ શ્રી માવજી મહેશ્વરીએ કચ્છની સંસ્કૃતિ, સમાજ, કચ્છી સાહિત્યકારોનો કાળાનુક્રમ તેમજ વારસો, સાહિત્ય પ્રકારો તેમજ ભાષા વૈવિધ્યની વિસ્તારે વાત મુકી અને ઉપસ્થિત આમંત્રિતો સમક્ષ કચ્છની કચ્છીયતનું શબ્દચિત્ર પ્રસ્તુત કરી કચ્છ સાક્ષાત્કાર કરાવ્યો. કાર્યક્રમના ઉદ્દેશ્યને બિરદાવવા વિશેષ ઉપસ્થિતિમાં પદ્મશ્રી નારાયણભાઈ જોષી, કે જેઓને કચ્છી ભાષાના સંવર્ધન માટે પદ્મશ્રી જેવા ઉચ્ચ પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે, તેઓશ્રી આશીર્વચન પાઠવ્યા તેમજ આઈ. આઈ. ટી. ઈ. દ્વારા લેવાયેલ કચ્છી ભાષા અને સંસ્કૃતિની દરકારને બિરદાવી હતી.

કાર્યક્રમનું સંચાલન ડૉ. ગોપાલ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું, તેમજ ડૉ. કાશ્મીરા મેહતા, અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ, કે. એસ. કે. વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ દ્વારા આભારભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર વ્યવસ્થામાં DIET ભુજના પ્રાચાર્યશ્રી, ડૉ. સંજય ઠાકર તેમજ સમગ્ર સ્ટાફ પરિવારનો અજોડ સહકાર પ્રાપ્ત થયો હતો.